અભિનંદન
પત્રમાળા
ભાગ ૬ ઠો

આ પુસ્તકમાં બતાવેલાં લ-
ખાણો ઇનામો કાઢીને મેળવ્યાં છે

સંપાદક અને પ્રકાશક

ચીમનલાલ મોહનલાલ મોદી

મેનેજર, પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કસ

ખાડીયા, જેઠાભાઇની પોળ, અમદાવાદ

આવૃત્તિ ૧ લી – પ્રત ૧૦૦૦


ઇસ્વીસન ૧૯૨૦ – સંવત ૧૯૭૬

"પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કસ" માં
ચીમનલાલ મોહનલાલ મોદીએ છાપ્યું
ખાડીયા, જેઠાભાઇની પોળ, અમદાવાદ

કીંમત રૂ. ૦-૪-૦







નવું સાલ



Greeting

સાલ મુબારક

નવા વર્ષની શુભેચ્છા



સાલ મુબારક

નવાં સાલનો આજ નવરોજ છે
રે પંખા ઉડી જા તું વ્હાલાને ઘેર
હજારો દુઆઓ ને આશીશ દે
કહે કે ખરો પ્યાર રે'શે અમર !

સાલ મુબારક

ગુલાબી નવાં સાલની બામદાદ
પુગાડ આ રૂક્કો તે મધુરીને ખાસ
દીદા જેના રોશન ને ચહેરો છે શાદ
જે ફેલાવે છે ખુશબો આસપાસ !

સાલ મુબારક

આજની મુબારક સહવારે તે
દાદારની દરગાહમાં મારી ખરાં
દીલની બંદગી છે કે તમે અને
તમારૂં કુટુંબ બેસતાં નવાં સાલમાં
તન્દરૂસ્ત, આબાદ અને સુખી રહો !

લી. દુવાગો

ની

દરેક ભલી દુવાઓ સાથે.

સાલ મુબારક

તમારાં મનની મુરાદો, ધારેલાં કામોની
સફળતા, આ નવાં સાલમાં પાર પડે
અને તમે તમારાં કુટુંબ પરીવાર સાથે
આબાદ અને ખુશાલ રહો. આમીન !

લી. દુવાગો

ની

દરેક ભલી દુવા સાથે.

COPY BY 513 [illegible]

સાલ મુબારક

તમે અને તમારાં વહાલાંઓ
નવાં સાલમાં ખુશી ખુર્રમી ભર્યા
અને આબાદ રહો એવી મારી
ખરાં દીલની દુવા આમીન થજો !
આમીન !
લી. દુવાગો

ની

દરેક ભલી દુવા સાથે.

સાલ મુબારક

તન્દરૂસ્તી, આબાદી અને ફત્તેહમંદીની દરેક ન્યામત તમોને આ નવાં સાલમાં મળે અને કુટુંબ-પરીવાર સાથે તમે હરદમ સુખી રહો એવી તે પરવરની જનાબમાં મારી અર્ઝ ગુઝારી છે તે આમીન થજો !

લી. દુવાગો

ની

દરેક ભલી દુવા સાથે.

સાલ મુબારક

તમારાં કામો સફળ થજો !
હરદમ આબાદ રહેજો !
સુખમાં મચ્યા રહેજો !
હસતા ખુશાલ રહેજો !
એવી મારી દુવા નવાં
સાલમાં આમીન થજો !

नूतन वर्षारंभ

આજથી શરૂ થતા આર્યભૂના નૂતન વર્ષારંભના મંગળ દિવસે દેશોન્નતિ સાથે નૈતિક તથા આર્થિક ઉન્નતિ આપના કુટુંબમાં થાઓ! સંસારના કષ્ટમય જીવનથી કંટાળેલું અંતઃકરણ વિશ્વબંધુત્વની ઉચ્ચ ભાવનાથી જાગૃત થઇ પ્રેમસાગરમાં તરો! રાષ્ટ્રકાર્ય અને સમાજસેવા કરવાની સદ્બુદ્ધિથી પ્રેરિત થઇ આપ પરોપકારનાં કામો કરો અને સંતતિ-સંપત્તિની વૃદ્ધિથી જીવન સુખમય નીવડો તથા આપની ધવલ કીર્તિ દિગન્તર પ્રસરો એવી શુભ આશાની, સર્વસાક્ષી ઇશ્વર પાસે, નમ્ર પ્રાર્થના કરૂં છું.

લી.

આપનો સ્નેહાભિલાષી

અનંત મહાદેવ સંત, ૨૧૦૭ રાયપુર હવેલીની પોળ,

રૂ. ૬ અમદાવાદ

नूतन वर्ष

દોહરો

શરૂ થાય છે આજથી, વિક્રમ નૂતન વર્ષ;
અર્પું આશિષ પ્રેમથી, પામો અતિ ઉત્કર્ષ.

શ્રીમાન્ માન્યવર!

આજના મંગળમય પ્રભાતથી ઉદય પામતા ભગવાન ભાસ્કરનાં રશ્મિના સુપ્રકાશથી નવીન વિક્રમ વર્ષની શુભ શરૂઆત થતાં, આ પત્રિકાથી ઈચ્છું છું કે આ શુભ વર્ષમાં આપની યશ, ધન, આદિ સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં, માનવજન્મની સાર્થકતાનાં શુભ સૂત્રો આપના હૃદયમાં સ્થાન પામી, ઉચ્ચ કોટીના મનુષ્યની ગણનામાં આપનું સ્થાન પ્રકાશિત થઈ, અહર્નિશ જગતકર્તા મહાન્ પ્રભુના પાદપંકજમાં આપની ભક્તિ-શ્રદ્ધા અવિચળ સ્થાપિત રહો.

લી.

રતિલાલ વિ. નાગરદાસ અહિચ્છત્રા, દિવાનપુરા એકરોડ,

રૂ. ૪ ભાવનગર.

नूतन वर्ष

આજે રૂડું નભ ભાસે.
જીવન ભાવના રસ સહ પોષવા
શુભ પ્રસંગ છે આજે.
ઉજ્જવલ ને રસપૂર્ણ જીવન તમ
ધર્મતણા પથે થાજો
સુરભિયુક્ત રસોત્ફુલ્લ જીવન–
ફરી લતા સુવિકાસો
આત્મસુવાસ દિગંતે ફોરજો
જીવન આદર્શ થાજો
નૂતન વર્ષે સૌખ્ય મેળવી
આત્મા પુણ્ય લ્હાણ લ્હાજો.

લી.

શંકરપ્રસાદ ગોવિન્દભાઇ મુનશી, પેટલાદ.

नवलुं प्रभात

તોટક

નવલું કંઇ આજ પ્રભાત હસે,
સુરખીભર્યું લાલ ગુલાલ દિસે,
તમ જીવન એ સમ રાચિ રહો,
અદકાં સુખડાં કંઇ પ્રાપ્ત કરો.
વળિ વર્ષ નવીન વિશેજ ઘણી,
પ્રતિદીન ખિલે જયમ પુષ્પકળી,
ત્યમ આત્મવિકાસ સદાય થજો,
મધુને બદલે જ અમી ભરજો.
રૂડી આશિષ એ અમ અંતરની,
નવલા વરસે અભિનંદનની;
પ્રભુ પૂર્ણ કરો ત્યમ યાચિ રહું,
થઇ મગ્ન અને ઉર રાચિ રહું.

લી.

મગનલાલ લક્ષ્મીદાસ પટેલ, ભુવાલડી

માલિની

નુતન વરસ હોજો શાન્તિને સ્થાપનારૂં,
તન મન દમનારાં કષ્ટ સંહારનારૂં;
પ્રિયજન પરિવારે ક્ષેમને સાધનારૂં,
વિજય સુયશ આયુઃ લક્ષ્મિમાં વૃદ્ધિવાળું.

ચુનીલાલ હરગોવિન્દ શુકલ, પાટડી.

અનુપમ દિવસ

હરિગીત

અનુપમ દિવસ છે આજનો
આનંદમાં મન રાખજે !
સબરસ જરા વ્હોરી લઇ
નિજ ભાન્ડુમાં વહેંચાવજે !
કુમકુમભરેલા થાળમાં
ફળ-ફૂલ લાવી મૂકજે !
વિદ્યા-વડીલ, ધન-ધાન્યને
ઉર-સ્નેહથીજ વધાવજે !
સ્નેહી-સગાં ને મિત્ર-મંડળ
હર્ષથી ભેટાવજો !
પ્રભુનામમાં - વ્યવહારમાં
સુખમાં સદા દિન ગાળજે !

લી.

મનસુખલાલ દયાળજી મહેતા, મોડાસા

श्री गणेशाय नमः ॥
श्री शारदायै नमः ॥
श्री महालक्ष्म्यै नमः ॥

જત અત્રે **શ્રી લક્ષ્મીપૂજન** આસો વદ ને વાર ને દિને કલાક વાગતાં કર્યું છે તથા **શ્રી શારદાપૂજન** ને વાર ને દિને કલાક વાગતાં કર્યું છે. **નવું વર્ષ** સંવત ૧૯૭ ના કાર્તિક સુદ ૧ ને વાર નું લખ્યું છે. નવી સાલમાં તમોને ધન ધાન્યાદિનો લાભ થાય અને શ્રી શારદાજી તથા શ્રી મહાલક્ષ્મીની મહેર થાય એવી અમે આશા રાખીએ છીએ. સંવત ૧૯૭ ના કાર્તિક સુદ ૧ ને વાર

લી.

ના યથાયોગ્ય વાંચશો.

नवा वर्षनो सूर्योदय

હરિગીત

આ નવીન વર્ષે નવીન હર્ષે, ઇશ તમને રાખજો,
બળ બુદ્ધિ ને ધન ધાન્યનાં, રૂડાં ફળોને ચાખજો
કુટુંબની સેવા કરીને, દેશ–સેવા ધારજો
સુખ પામતાં સદ્ધર્મ સાથે, સત્યને સંભાળજો

મહાશય,

જુનું જઇ આજે નવીન વિક્રમ વર્ષનો ઉત્સાહભર્યો સૂર્યોદય થાય છે. પ્રભુ આપના ભાગ્યરવિનો પ્રકાશ બહાર ફેલાવી આપને યશસ્વી, સત્યપરાયણ, ધનવાન, પુત્રવાન, સમાજસેવક, દેશસેવક અને ધર્મરક્ષક બનાવે એવી આ શુભ દિને, પરમાત્મા પ્રત્યે મ્હારી નમ્ર યાચના છે.

હું છું આપનો

રા. પીપલીકર

ખાડીઆ, અમૃતલાલની પોળ,

અમદાવાદ.

ભૈરવી

રાગ દ્વેષરહિત થજો, આર્ય ઐક્ય ધારી;
ધર્મ કર્મ લુબ્ધ રહો, સર્વ સદ્‌વિચારી.
ઉદ્યમ અન અવધિ વધી, રળજો સર્વ દ્રવ્ય નિધિ;
વિપદ નષ્ટ થાઓ બધી, અતિ ઉપાધિકારી.
પંડિત ગુણમંડિત થઈ, વિશ્વતલે વ્યાપી રહી;
કાવ્ય-શાસ્ત્ર-કથન કહી, સુયશ લહો ભારી.
માગિ મળો વૃષ્ટિ અતિ, ધાન્યપૂર્ણ સર્વ ક્ષિતિ;
હો સદૈવ સારી સ્થિતિ, સકલ શ્રેયકારી.

ગીતિ

ગતિ--પ્રગતિ ને ઉન્નતિ, અતિ મતિ કૃતિમાં સદાય સમ થાજો;
નૂતન વર્ષ જગતમાં, સત્ ચિદ્ આનંદ કળા બની જાજો.

છોટુભાઇ શંકરજી

સિદ્ધપુર.

તમારૂં જીવન શુદ્ધ તપવાળું બનાવો, તમારા આદર્શ ઉચ્ચ રાખો અને અંતરમાં સર્વ જગત્ પ્રત્યે વિશુદ્ધ પ્રેમ રાખતાં શીખો. નવા વર્ષની લ્હાણ તરીકે ચિદ્‌શક્તિ તરફથી, મિત્રમંડળ તરફથી અને આપ્ત સ્નેહીજનો તરફથી સદ્‌ભાવનાની લ્હાણ મળો કે જેથી તમે તમારૂં પોતાનું, સમાજનું અને સ્વદેશનું ભલું કરી શકો. સાચો સ્નેહી આથી વધારે સારૂં શું ઇચ્છે ?

લી.

શાંતિલાલ કૃપાશંકર મહેતા, ગોરાસુ, ધોલેરા થઇને

नवुं वर्ष

वसंततिलका

શીશુ–રવી સહ ખીલ્યાં કિરણો સુનેરી,
ને બાલ–વારિ–ઝરણાં વહતાં રૂપેરી;
ત્યાં જાગતી અમિત આત્મ–જ્વલંત–જ્યોત,
જાગે જગે જગવતાં પ્રભુ–બાલકોયે.
વાજે સખા ! પ્રણય–બંસરિ સ્નેહની તું,
ને જ્યોતિઓ જગવજે કંઇ ભારતીની;
નીમંત્રજે તૃષિતને તુજ સ્નેહ–ઝર્ણે,
ને ઠારજે જગ–પથીક અમીત–પાને.
તારાં સદા મઠુલી–દ્વાર રહો ઉઘાડાં,
સેવા–પથો હૃદયના કંઇ હોય ન્યારા;
અર્પું હૃદય ! નહીં ઇચ્છિત માગિ લેજે,
ને ભારતી–સદનમાં નિજ શીપ દેજે.

મણીલાલ કે ભટ્ટ, ભાલોદ, રાજપીપળા સ્ટેટ.

સાલ મુબારક

આજથી બેસતું નવું સાલ તમોને અને તમારાં વહાલાંઓને, દોસ્ત બીરાદરોને, કુલ જરથોસ્તી કોમને દરેક રીતે મુબારક થાય અને ફત્તેહફીરોઝી ભર્યું નીવડે. આમીન !

સાલ મુબારક

આજથી બેસતું નવું સાલ પ્રકાશીત અને ફીરોઝીમંદ નીવડે અને તમારી દરેક નેક મુરાદો સફળ થાય એવી મારી ખરાં દીલની દુવા તે અહુરમઝદને બાર આમીન થજો !

આમીન !

સાલ મુબારક

દરેક સુખ, દરેક ખુશાલી, તનની
દુરસ્તી અને રીરોઝી—આબાદી, એ
સર્વેની નવાઝેશથી તે પરવર નવાં
એસતાં સાલમાં તમોને નવાઝે.

આમીન !

લી. દુવાગો

દરેક ભલી દુવા સાથે.


COPY RT 518 [illegible]

Sincere Greetings



Best Wishes


નવલ
વર્ષાભિનંદન












T J Patel

નૂતન વર્ષાભિનંદન

